
### ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ૨૦ સેકન્ડ સુધી ભૂકંપ અનુભવાયો

# બનાસકાંઠામાં ભૂકંપની ધ્રુજારીથી દોડધામ

### પાલનપુરમાં ૪.૨૭ કલાકે ભૂકંપનો આંચકો : લોકો ઘરની બહાર દોડી આવ્યા





બનાસકાંઠા,તા.૧૦

ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભૂકંપનો આંચકો અનુભવાયો છે. બનાસકાંઠામાં ૨૦ સેકન્ડ સુધી ભૂકંપની ધ્રુજારી થતા દોડધામ મચી જવા પામી હતી. પાલનપુરમાં ૪.૨૭ કલાકે ભૂકંપનો આંચકો અનુભવાયો છે. ભૂકંપના આંચકાને લઈ લોકો ઘરની બહાર દોડી આવ્યા હતાં.

ભૂકંપની તીવ્રતા કેવી રીતે મપાય છે?

- ૦થી ૨ રિક્ટર સ્કેલ: આ ભૂકંપ આવતા તેની અસર ઓછી થાય છે. આંચકાનો અનુભવ થતો નથી. માત્ર સીઝ્મોગ્રાફથી જ જાણી શકાય છે.

- ૨થી ૨.૯ રિક્ટર સ્કેલ: આ ભૂંકપ આવવાથી સામાન્ય આંચકો અનુભવાય છે. થોડી અસર થાય છે.

- ૩થી ૩.૯ રિક્ટર સ્કેલ: આ ભૂકંપ આવતાં પંખા અને ઝુમર હલવા માંડે છે. આવા આંચકાથી વસ્તુઓ વેર વિખેર થઈ જાય છે. તમારી બાજુમાંથી કોઈ ટ્રક પસાર થયો હોય તેવી અસર થાય છે.

- ૪થી ૪.૯ રિક્ટર સ્કેલ: આ ભૂકંપ એ સાવધાનનો ઈશારો આપે છે. દિવાલોમાં તિરાડો પડી શકે છે. કાચા મકાનો નીચે પડે છે. બારીઓ તૂટી શકે છે. દીવાલો પર લટકાવેલી વસ્તુઓ નીચે પડી શકે છે.

- ૫થી ૫.૯ રિક્ટર સ્કેલ: આ ભૂકંપ ખતરનાક સાબિત થાય છે. ફર્નિચર તેની જગ્યા પરથી હલવા માંડે છે. વધુ નુકશાન થાય છે. ફર્નિચર હલવાથી નાની મોટી ઈજાઓ પણ પહોંચે છે.


- ૬થી ૬.૯ રિક્ટર સ્કેલ: આ ભૂકંપ બહુજ ખતરનાક માનવામાં આવે છે. આ આંચકો આવાથી કાચી ઈમારતો વધુ પડે છે. જેથી જાનમાલને વધુ નુકશાન થાય છે. ઈમારતોના ઉપરના માળને નુકસાન થઈ શકે છે. ઈમારતોમાં તિરાડો પડી શકે છે.

-૭થી ૭.૯ રિક્ટર સ્કેલ: આ ભૂકંપ આવવા પર બિલ્ડીંગો ધરાશાયી થઈ શકે છે. જમીનની અંદરના પાઈપ ફાટી જાય છે. આ ભૂકંપ આવાથી વધુ તબાહી મચાવી છે. આવો ભૂકંપ ગુજરાતમાં વર્ષ ૨૦૦૧માં ભૂજમાં આવ્યો હતો. અને વર્ષ ૨૦૧૫માં નેપાળમાં આવ્યો હતો. આ ભૂકંપે તબાહી મચાવી દીધી હતી.

- ૮થી ૮.૯ રિક્ટર સ્કેલ: આ ભૂકંપ આવાથી સંપૂર્ણ વિનાશ કરી દે છે. ઈમારતો સહિત પુલ પડી જાય છે.

-૯ અને તેનાથી વધુ રિક્ટર સ્કેલ: આ ભૂકંપ આવવા પર સંપૂર્ણ તબાહી સર્જાઈ શકે છે. કોઈ મેદાનમાં ઉભા હોઈએ તો તેને ધરતી લહેરાતી જોવા મળે. સમુદ્ર નજીક હો તો સુનામી આવે. ભૂકંપમાં રિક્ટર દરેક સ્કેલના મુકાબલે ૧૦ ગણો વધુ ખતરનાક હોય છે.

## કમલમ્‌ની તસ્વીરી ઝલક











### રાજ્યમાં ઠંડીમાં વધારો, અમદાવાદમાં ૧૪ ડિગ્રી

# બંગાળની ખાડીમાં સક્રિય લો પ્રેસરથી ઠંડીનું પ્રમાણ વધ્યું

### રાજ્યમાં ધીમે ધીમે ઠંડીનું પ્રમાણ વધશે અને ડિસેમ્બરના અંતમાં કડકડતી ઠંડીનો અહેસાસ થવા લાગશે

અમદાવાદ, તા.૧૦

બંગાળની ખાડીમાં સક્રિય થયેલા લો પ્રેસરના કારણે રાજ્યમાં ઠંડીનું પ્રમાણ વધ્યું છે. અરબી સમુદ્રમાંથી આવતા ભેજને પગલે ગુજરાતના દરિયા કિનારાનાં વિસ્તારમાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. અમદાવાદ સહિત મોટાભાગના તમામ શહેરોમાં ઠંડીની અસર જોવા મળી છે. અમદાવાદમાં આજે લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રી નોંધાયુ હતું. તો કચ્છના નલિયામાં ૮.૮ ડિગ્રી તાપમાન સાથે સૌથી ઠંડી નોધાઈ છે. તેમજ ડીસાનું લઘુતમ તાપમાન ૧૨.૮ ડિગ્રી નોંધાયુ છે.

અમદાવાદ સહિત રાજ્યમાં વહેલી સવારથી શિયાળાની ઠંડીની અસર જોવી મળી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં ધીમે ધીમે ઠંડીનું પ્રમાણ વધશે અને ડિસેમ્બરના અંતમાં કડકડતી ઠંડીનો અહેસાસ થવા લાગશે. રાજ્યમાં લઘુતમ તાપમાન ગગડતાં નલિયા સૌથી ઠંડુ શહેર રહ્યું છે. જ્યારે અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૪ ડીગ્રી નોંધાયું છે. તો અમરેલીનું લઘુતમ ૧૩.૮ ડીગ્રી નોંધાયું છે. વડોદરાનું લઘુતમ તાપમાન ૧૧.૪ ડિગ્રી નોંધાયો છે. ભુજનું લઘુતમ તાપમાન ૧૩.૩ ડીગ્રી, ગાંધીનગરનું લઘુત્તમ તાપમાન ૧૦.૩ ડીગ્રી નોંધાયું છે. પાટણનું લઘુતમ તાપમાન ૧૨.૮ ડીગ્રી નોંધાયું હતું. તેમજ રાજકોટનું લઘુત્તમ તાપમાન ૧૫.૩ ડીગ્રી નોંધાયું હતું. માઉન્ટ આબુનું તાપમાન ફરી એકવાર ૧ ડિગ્રી પર પહોચી ગયું છે. સુત્રોના જણાવ્યા મુજબ ધીમે ધીમે હજુ ઠંડીનું પ્રમાણ વધશે. બે દિવસમાં ફરી ઝીરો ડિગ્રી તાપમાન પર આવવાની શક્યતા છે. જો કે માઉન્ટ આબુમાં ઠંડીનું પ્રમાણ વધતાં પર્યટકોની સંખ્યામાં પણ વધારો થયો છે.

### નવા વર્ષમાં જનતાને ભેટ આપવા તંત્ર કામે લાગ્યુ

# કાંકરિયા કાર્નિવલ અને ફ્લાવર શોના ડાકલા વાગ્યા

### છેલ્લા ૨ વર્ષથી કાંકરિયા કર્નિવલ અને ફ્લાવર શો રદ કરાયો હતો : તૈયારીઓ તેજ કરાઈ

અમદાવાદ,તા.૧૦

ગુજરાતમાં ચૂંટણીની સીઝન પુરી થઈ ગઈ છે. બીજી બાજુ બધું ઠરીઠામ થઈ રહ્યું છે ત્યારે નવા વર્ષની શરૂઆતમાં જ કાંકરિયા કાર્નીવલ અને ફ્લાવર શોની જનતાને ભેટ આપવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તૈયારીઓમાં જોડાયું છે. હવે વધુ સમય ન રહેતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તૈયારીઓ પાછળ કાર્યરત થયું છે.

રિવરફ્રન્ટના ફ્લાવર ગાર્ડન ખાતે નાની ક્યારીઓ વાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જો કે, હજુ સુધી કાર્નીવલ અને ફ્લાવર શોની તૈયારીઓની થીમ ટૂંક સમયમાં નક્કી થશે. ગુજરાતના નવા મુખ્યમંત્રીના શપથવિધિ બાદ થીમ નક્કી કરવા છસ્ઝમાં બેઠક થશે. બીજી બાજુ કોરોના મહામારીને કારણે છેલ્લા બે વર્ષથી બંને કાર્યક્રમો રદ કરવાની ફરજ પડી હતી. પરંતુ હવે કોઈ બંધન નડી રહ્યા નથી. એટલે આ વર્ષે અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલ અને ફ્લાવર શોની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. મહત્વનું છે કે, કોરોના મહામારીના કારણે ફ્લાવર શો અને કાંકરિયા કાર્નિવલ રદ કરવાની ફરજ પડી હતી. છેલ્લા ૨ વર્ષથી કાંકરિયા કર્નિવલ અને ફ્લાવર શો રદ કરાયો હતો... ત્યારે હવે આ વર્ષે કાંકરિયા કાર્નિવલ અને ફ્લાવર શોની તૈયારીઓ તેજ કરાઈ છે.

### ખેલાડીઓની ટ્રાયલ લેવાઈ

# IPLની આગામી સિઝન માટે ગુજરાત ટાઈટન્સે કમર કસી

### કોચ આશિષ નહેરાએ પણ જણાવ્યું કે, હોમ ગ્રાઉન્ડમાં ગુજરાત ટાઈટન્સનું જીતવું એ તેમની માટે યાદગાર પળ હતી

અમદાવાદ, તા.૧૦

આઈપીએલની આગામી સિઝન માટે ગુજરાત ટાઈટન્સની ટીમે કમર કસી છે. ગુજરાત ટાઈટન્સ દ્વારા નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ટ્રાયલનું આયોજન કરવામાં આવ્યું હતું. ૮ અને ૯ ડિસેમ્બરના રોજ ૫૨ જેટલા આશાસ્પદ ડોમેસ્ટિક સર્કિટના ખેલાડીઓના ટ્રાયલ લેવામાં આવ્યા હતા. ગુજરાત ટાઈટન્સના હેડ કોચ આશિષ નહેરાએ કહ્યું કે, અમે કેટલાક નવા ખેલાડીઓને રિલીઝ કર્યા છે, કેટલાક ખેલાડીઓ પર અમારી નજર રહેશે. ગુજરાત ટાઈટન્સે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ખેલાડીઓની ટ્રાયલ લીધી હતી. ગુજરાત ટાઈટન્સના ડિરેક્ટર ઓફ ક્રિકેટ વિક્રમ સોલંકી અને હેડ કોચ આશિષ નહેરાએ મીડિયા સાથે વાતચીત કરી હતી. જ્યાં ટાઈટન્સે તેના હોમ ગ્રાઉન્ડ-નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ખેલાડીઓની હરાજી પૂર્વે ટ્રાયલ લીધી હતી. ૮, ૯ ડિસેમ્બર એમ બે દિવસ દરમિયાન ખેલાડીઓની ટ્રાયલ લેવામાં આવી હતી, જેમાં ભારતના આશાસ્પદ સ્થાનિક ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ ટ્રાયલમાં કુલ ૫૨ ખેલાડીઓએ ટ્રાયલમાં ભાગ લીધો હતો. યુવા પ્રતિભાને ઓળખી કાઢવા બે દિવસના કેમ્પના આયોજન અંગે વિક્રમ સોલંકીએ જણાવ્યું હતું કે, આ ટ્રાયલમાં કેટલાક આશાસ્પદ ખેલાડીઓને ઓળખવાની તેઓ તક આપશે.

ગુજરાત ટાઈટન્સના કોચ આશિષ નહેરાએ પણ જણાવ્યું કે, હોમ ગ્રાઉન્ડમાં ગુજરાત ટાઈટન્સનું જીતવું એ તેમની માટે યાદગાર પળ હતી. આગામી સમયમાં ટીમમાં એવા ખેલાડીઓને પર પસંદગી ઉતારવામાં આવશે. સાથે ગુજરાતી ક્રિકેટરને પણ ચાન્સ આપવામાં આવશે.

# બજારોમાં આવક વધતાં શાકભાજીના ભાવ ગગડયા

### ગત અઠવાડિયાની સરખામણીમાં શાકભાજીના ભાવમાં ૨૦ ટકા જેટલો ઘટાડો થયો

અમદાવાદ,તા.૧૦

ગુજરાતમાં શિયાળાની શરુઆત થતાની સાથે જ શાકભાજીના ભાવમાં ઘટાડો થયો છે. ગત અઠવાડિયાની સરખામણીમાં આ અઠવાડિયામાં શાકભાજીના ભાવમાં ૨૦ ટકા જેટલો ઘટાડો થયો છે. દરરોજ ઉપયોગમાં લેવાતી શાકભાજીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. જેમાં ફ્લાવર, તુવેર, વટાણા, સુરતી પાપડી, વાલોડ, ગાજર, બીટ, ફણસી, હળદર, આમળા, આદુ, ટામેટા, સહિતના શાકમાં ઘટાડો થયો છે. માર્કેટમાં ડિમાન્ડ કરતા વધુ શાકભાજી હોવાથી ભાવમાં ઘટાડો થયો હોવાનો વેપારીઓ જણાવી રહ્યા છે.

ભાવનગર જિલ્લામાં નવી ડુંગળીની આવત થતા ભાવમાં ઘટાડો નોંધાયો છે. તળાજા, મહુવા અને ભાવનગર માર્કેટ યાર્ડમાં દરરોજ ૫ હજાર જેટલી ડુંગળીની બોરીની આવક થઈ રહી છે. હાલમાં ખેડૂતોને ૧૦૦થી ૩૦૦ રૂપિયા પ્રતિ મણના ડુંગળીના ભાવ મળી રહ્યા છે.

મહત્વનું છે કે, સમગ્ર ગુજરાતમાં ભાવનગર જિલ્લો ડુંગળીના ઉત્પાદન માટેનું હબ ગણાય છે.જિલ્લાના મહુવા તાલુકામાં ડુંગળીનું સૌથી વધુ વાવેતર કરવામાં આવે છે. બિયારણ, ખાતર અને મજૂરી સહિત ગણતા ડુંગળી પાછળ ખેડૂતોએ મોટો ખર્ચ કર્યો હતો. તેમ છતા ભાવ ન મળતા ખેડૂતોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. ખેડૂતોએ નવી સરકાર પાસે ડુંગળીના યોગ્ય ભાવ મળે તેવી માંગ કરી છે..



લો ગાર્ડન પાસેની કોલેજમાં શનિવારે ટ્રેડિશનલ ડેની ઉજવણી કરવામાં આવી હતી.

### તૈયારીઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તૈયારીઓ કરવામાં આવી રહી છે. શપથવિધિ સમારોહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાજયપાલશ્રી સહીત મુખ્યમંત્રી યોગી આદીત્યનાથ ઉપરાંત અન્ય રાજયના મુખ્યમંત્રીઓ તેમજ રાજકીય નેતાઓ , ધર્મગુરુઓ પણ હાજરી આપશે આ શપથવિધિ સમારોહને અનુલક્ષીને હાલ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી એરપોર્ટથી રાજભવન સુધીના માર્ગને એકબાજુએથી બેરકેટસ લગાવી દેવાયા છે.

સલામતી અને સુરક્ષા વ્યવસ્થાને અનુલક્ષીને પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવી રહ્યો છે. ૨૦ કી મી લાંબા આ રૂટની સફાઈ પણ કરવામાં આવી રહી છે. માર્ગ સફાઈ ઉપરાંત આસપાસ સ્થિત હરિયાળા વૃક્ષોનુ ટ્રીમીંગ પણ કરવામાં આવી રહ્યુ છે. રોડ ફર્નિચરને અનુલક્ષીને પણ પટ્ટા તેમજ રંગરોગાન કરવામાં આવી રહ્યુ છે. જયારે વૃક્ષોને વધુ આકર્ષક બનાવવા માટે ઘેરુ ચુનાનો કલર પણ કરવામાં આવી રહ્યો છે. નવા સચિવાલય સ્થિત હેલીપેડ મેદાન પાસે ત્રણ જેટલા નવા ડોમ તૈયાર કરવામાં આવી રહ્યા છે.

આ ઉપરાંત શપથવિધિ સમારોહને અનુલક્ષી જરૂરી ગ્રીન રૂમ પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે. હાલ વહીવટીતંત્ર આ તૈયારીઓમાં ગળાડુબ છે. મંત્રીમંડળના સંભવિત નામોની યાદી પણ ફરતી થઈ છે. ત્યારે નવા મંત્રીમંડળમાં સમાવેશ બાબતે પણ અનેક પ્રકારની ચર્ચાએ જોર પકડયુ છે. પ્રધાનમંત્રી અને કેટલાક કેન્દ્રીય મંત્રીઓ અને અન્ય રાજયના મુખ્યમંત્રીઓ સહીત ધર્મગુરુઓ પણ આ તબક્કે વિશેષ હાજરી આપવાના છે. જયારે પક્ષના અગ્રણીઓ અને કાર્યકરોની પણ વિશેષ હાજરી રહેશે જેને અનુલક્ષી ભોજન સમારોહ માટે રસોડા પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે. શપથવિધીને અનુલક્ષી તૈયારીઓ આખરી તબક્કામાં ચાલી રહી છે. ટુંકમાં રવિવાર સાંજ સુધીમાં કામગીરી પણ પુર્ણ કરી દેવાશે.

# એનઆઈડીના પૂર્વ સેક્રેટરીની સાબરમતીમાં કૂદીને આત્મહત્યા

### ડિપ્રેશનને કારણે આપઘાત કર્યો : પ્રેમ પ્રકાશ ભલ્લાએ નદીમાં ઝંપલાવતા પહેલા લખેલી ચિઠ્ઠીમાં તેમના અંગોનું દાન કરવાની વાત લખી હતી

અમદાવાદ, તા.૧૦

અમદાવાદમાં આપઘાતના બનાવો વધી રહ્યાં છે. સાબરમતી નદીમાં કૂદીને લોકો જીવન ટુંકાવતા હોવાની ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે શહેરમાં એનઆઈડીના પૂર્વ સેક્રેટરીએ પણ સાબરમતીમાં ઝંપલાવીને આપઘાત કરી લીધો છે. પ્રેમ પ્રકાશ ભલ્લા નામના વ્યક્તિની નદીમાં તરતી લાશ મળી આવી હતી. પ્રાથમિક તારણો મુજબ તેમણે ડિપ્રેશનને કારણે આપઘાત કર્યો હોવાની માહિતી સામે આવી છે. તેમણે નદીમાં કૂદતાં પહેલાં એક ચીટ્ઠી લખી હતી. જેમાં તેમના મૃત્યુ બાદ તેમના અંગોનું દાન કરવાની વાત કહી છે. પોલીસે આપઘાત કરનારની સ્યુસાઈટ નોટને આધારે વધુ તપાસ શરૂ કરી છે. અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં રહેતા પ્રેમ પ્રકાશ ભલ્લાની લાશ સાબરમતી નદીમાં તરતી મળી હતી. આ વાતની જાણ થતાં જ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે તરવૈયાઓની મદદ લઈને લાશ બહાર કાઢી હતી. પોલીસને પ્રાથમિક તપાસમાં મૃતક એનઆઈડીના પૂર્વ સેક્રેટરી હોવાની જાણકારી પ્રાપ્ત થઈ હતી. પોલીસને વધુ તપાસમાં મૃતકનું વિઝિટિંગ કાર્ડ અને અંગ્રેજીમાં લખેલી સ્યુસાઈટ નોટ મળી હતી. પોલીસને હાલ આપઘાત પાછળનું કારણ ડિપ્રેશન હોવાનું જાણવા મળ્યું છે. મૃતકના પરિવારમાંથી દીકરો અને દીકરી અમેરિકામાં રહે છે. જ્યારે તેઓ પત્ની સાથે નિવૃત જીવન જીવી રહ્યાં હતાં.

આ ઘટના બાદ પોલીસે તપાસ કરતાં મૃતકના પરિવારને જાણ કરી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો હતો. આ ઘટનામાં સાબરમતી રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશનમાં અકસ્માતે મોતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરાઈ છે.

# ભાજપના ધારાસભ્યનો હવામાં ગોળીબાર કરતો વીડિયો વાયરલ

### પાદરા બેઠક પર ભાજપના ઉમેદવાર ચૈતન્યસિંહ ઝાલાની જીત થઈ છે, આ પહેલા ગત ૨૦૧૭ની ચૂંટણીમાં આ બેઠક કોંગ્રેસના ફાળે ગઇ હતી

પાદરા, તા.૧૦

ભાજપની ઐતિહાસિક જીત બાદ પાર્ટીના નેતાઓ અને કાર્યકરોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સાથે જ ચૂંટાયેલા ધારાસભ્યો પોતાના મતવિસ્તારમાં વિજય સરઘસ કાઢીને જીતનો ઉત્સવ મનાવી રહ્યા છે, ત્યારે પાદરાના ભાજપના ધારાસભ્ય જીતની ખુશીમાં ભાન ભૂલ્યા હોય તેવો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. આ ધારાસભ્યએ જીતના ગેલમાં આવીને કાર્યકરો અને ભીડની વચ્ચે ફાયરિંગ કર્યો હોવાનો વીડિયો વાયરલ થયો છે. વાયરલ વીડિયોના પગલે નેતાજી વિવાદમાં આવ્યા છે. પાદરાના ભાજપના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જેમાં ભાજપના ધારાસભ્ય ગેલમાં આવીને કાર્યકરો અને લોકોની ભીડ વચ્ચે ફાયરિંગ કરતા દેખાય છે. વિજય સરઘસમાં રૌફ બતાવવા નેતા ભાન ભૂલી શક્તિ પ્રદર્શન કરતા દેખાયા હતા. વિજયયાત્રામાં જાહેરમાં હવામાં ગોળીબાર કરતો વીડિયો વાયરલ થયો છે. હવામાં ગોળીબાર કરતો વીડિયો વાયરલ થતાં ભારે ચર્ચા થઈ રહી છે. ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨માં ભાજપના ચૈતન્યસિંહ ઝાલાની જીત થઈ છે. કોંગ્રેસના ઉમેદવાર જશપાલ સિંઘની હાર થઈ છે. કોંગ્રેસ અને ભાજપની સામે આમ આદમી પાર્ટીએ સંદીપસિંહ રાજ ચૂંટણી મેદાનમાં ઉતાર્યા હતા. પાદરા બેઠક પર દિનેશ પટેલ (દિનુમામા)નો જાદુ જોવા મળ્યો ન હતો અને તેઓ ત્રીજા નંબરે રહ્યાં હતા. નોંધનીય છે કે, પાદરા બેઠક પર ભાજપના ઉમેદવાર ચૈતન્યસિંહ ઝાલાની જીત થઈ છે. આ પહેલા ગત ૨૦૧૭ની ચૂંટણીમાં આ બેઠક કોંગ્રેસના ફાળે ગઈ હતી. તે પહેલા ૨૦૧૨માં આ બેઠક પર ભાજપને જીત મળી હતી. આમ, ૨૦૨૨ની ચૂંટણીમાં કોંગ્રેસના હાથમાંથી બેઠક છીનવી લેતાં ભાજપના જીતેલા ઉમેદવાર ચૈતન્યસિંહ ઝાલા જાણે ગેલમાં આવી ગયા હોય તેમ જાહેરમાં હવામાં ફાયરિંગ કરી રહ્યા હોય તેવો વીડિયો વાયરલ થયો છે.